## વડીલોને વંદન
## અભિનંદન



વર્ષાબેન યોગેશભાઈ ત્રિવેદી
(૧૯૫૭)ફોન:૨૩૨૧૩૧૭૯



સિરાજભાઈ એસ. વ્હોરા
(૧૯૫૫)મો.૯૯૨૫૮૩૪૨૯૦

## કોઠા ગામે ત્રિદિવસીય લોકડાયરાનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના કોઠા ગામે જયશ્રી હડકમાઈ માતા સમસ્ત દેવીપૂજક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પગપાળા યાત્રીઓ માટે તા. ૩ મે થી ૫ મે ૨૦૧૩ દરમિયાન સુધી ત્રિદિવસીય લોક ડાયરાનું અને મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. કોઠા ગામમાં ત્રિદિવસીય લોકડાયરા અને મહાપ્રસાદ કાર્યક્રમનો દેવીપૂજક ભકતજનો લાભ લેશે. એમ આયોજકો દ્વારા જણાવાયું છે.

# શ્રેષ્ઠ ભારતનું સ્વપ્ન સાકર કરવા મુખ્યમંત્રીની અપીલ

## ગુજરાતના ૫૩મા સ્થાપના દિવસે નરેન્દ્ર મોદીનો પ્રજાજોગ સંદેશ : ગુજરાતને ઉત્તમ બનાવીએ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૫૩માં ગુજરાત સ્થાપના દિવ્સના ગૌરવવંતના અવસરે રાજયના સૌ નાગરિકોને અંતઃકરણની શુભકામનાઓ પાઠતા જણાવ્યું છે કે ગુજરાતે સૌના સાથ સૌના વિકાસ મંત્રને ચરિતાર્થ કરી બતાવ્યો છે. ગુજરાતે આજે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી છે. જો સૌનો સાથ ન હોત તો ગુજરાતનો આ વિકાસ આજે પણ ન હોત આ વિકાસ એટલા માટે શક્ય બન્યો છે કે છ કરોડ ગુજરાતીઓએ ખંભેખભા મિલાવીને કદમથી કદમ મીલાવીને સાથ આપ્યો છે.

ગુજરાતની પ્રજાજોગ પ્રસારણમાં નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે "એક ભારત શ્રેષ્ઠ ભારત" આપણા સૌનું સ્વપ્ન છે. અને તેમાં ઉત્તમોત્તમ ગુજરાત બનાવીને આપણે યોગદાન કરવાનો સંપકલ્પ કરીએ. મહાગુજરાતની ચળવળને ગુજરાતની સંઘર્ષ યાત્રામાં શિરમોર સમાન ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઈન્દુચાચાના નૃત્વુમાં ગુજરાતના સ્વાભિમાન અને અસ્મિતાની લડાઈ સમર્પિત થનાર વીર શહિદોને વંદન કર્યા હતા અને મહાગુજરાતના ઘડવૈયાઓનું પુણ્ય સ્મરણ કર્યું હતું.



મુખ્યમંત્રી નરેન્દ્રમોદીએ પ્રજાજોગ સંદેશામાં જણાવ્યું હતું કે આજે ૧લી મે છે. આપણા ગુજરાતના સ્થાપના દિવ્સ. મહાગુજરાતની ચળવળ એ ગુજરાતની સંઘર્ષયાત્રામાં શિરમોર સમાન છે.

આજે મારે ગર્વ સાથે કહેવું છે. રાજકીય આટાપાટામાં ખૂપી ગયેલા લોકો, ગુજરાતને બદનામ કરવા માટેનો એકેય મોકો જતો નથી કરતા ત્યારે દિલ્હીમાં બેઠેલી સ્વયં ભારતની સરકારે હમણાં ૧૫ દિવસ પહેલાં, સ્કીલ ડેવલપમેન્ટની બાબતમાં, કૌશલ્ય વર્ધન કેન્દ્રની બાબતમાં, હુન્નરના વિકાસની બાબતમાં, ગુજરાતને સમગ્ર દેશમાં ઉત્તમ કામગીરીનો એવોર્ડ આપ્યો છે. રાજકીય રોટલો શેકવા ટેવાયેલા લોકો, પાણીમાં પણ રાજકીય ઝેર ભેળવવાની કોશિશ કરતા હોય, એવા વખતે ઈશ્વરે કેવી કૃપા કરી જ્યાં જ્યાં વધારે પાણીની તકલીફ હતી ત્યાં કુદરતે વચ્ચે ત્રણ ચાર દિવસ આવીને આપણી હિંમત બાંધી. અપ્રચ્રની વચ્ચે પણ જુઠ્ઠાણાની ઉપર પાણી ફેરવવાનું કામ સ્વયં પરમાત્માએ કર્યું એટલે જ હું કહું છું કે ઈશ્વર સદા-સર્વદા આપણી સાથે છે. આપણો ઈશ્વર પર ભરોસો છે. પુરૂષાર્થની પરાકાષ્ઠા પણ કરવી છે. સામાન્યમાં સામાન્ય નાગરિકની આશા આકાંક્ષાઓની પૂર્તિ કરવી છે. ભારતના વિકાસને માટે ગુજરાતનો વિકાસ એ મંત્ર લઈને આપણે પહેલા દિવસથી કામ કરીએ છીએ વર્ષોથી આપણે કહીએ છીએ, સૌનો સાથ સૌનો વિકાસ, હવે સૌના ધ્યાનમાં આવવા માંડયું છે કે સૌનો સાથ સૌનો વિકાસ એ અમારા મંત્રનો અર્થ શું થાય ? આ મંત્રમાં કેટલી તાકત છે ? ગુજરાતે સૌનો સાથ સૌનો વિકાસએ મંત્રને ચરિતાર્થ કર્યો છે. જો સૌનો સાથ ન હોત તો ગુજરાતનો આજે આ વિકાસ પણ ન હોત આ વિકાસ એટલા માટે શક્ય બન્યો છે કે છ કરોડ ગુજરાતીઓએ ખભેખભો મીલાવીને કદમથી કદમ મીલાવીને સાથ આપ્યો છે. સહયોગ આપ્યો છે. જવાબદારી ખભે ઉપાડી છે.

એક ભારત શ્રેષ્ઠ ભારત કોનું સપનું નથી ? ઉત્તમોત્મ ગુજરાત કોનું સપનું નથી ? ખૂણે ખૂણે વીકાસનું સપનું નથી ? એક એક નવ જવાનને રોજગાર કોનું સપનું નથી ? આ બધી બાબતોને લઈને આગળ વધવું છે. આપના આશીર્વાદ, આપનો આ પ્રેમ, અમારી સરકારને સરકારમાં બેઠેલા મારા સૌ કર્મયોગી ભાઈઓ-બહેનોને ગુજરાત માટે કંઈ ને કંઈ કરી શકવાની પ્રેરણા મળી છે. ગુજરાતના સ્થાપના દિવ્સે, અનેક અનેક શુભકામનાઓ પાઠવું છું.

# સનદી અધિકારીઓની બઢતી અને બદલી

રાજ્ય સરકારે સનદી અધિકારીઓની બઢતી અને બદલી કરી છે જે નીચે મુજબ છે.

| ક્રમ | નામ | હાલનો હોદ્દો | બઢતી/બદલીની જગ્યા |
|---|---|---|---|
| ૧ | શ્રી આર. કે. ત્રિપાઠી | અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર | અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ડાયરેકટર જનરલ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ |
| ૨ | શ્રી રાજેશ કિશોર | અગ્ર સચિવશ્રી, આરોગ્ય, પરિવાર અને કલ્યાણ વિભાગ | અ. મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| ૩ | શ્રી મહેશ્વર શાહુ | અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર | અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર |
| ૪ | શ્રી એચ. કે. દાસ | અગ્ર સચિવશ્રી, વન-પર્યાવરણ વિભાગ, ગાંધીનગર | અ. મુખ્ય સચિવશ્રી, વન પર્યાવરણ વિભાગ, ગાંધીનગર |
| | | | અધિક સચિવશ્રી, બંદર અને વાહન વ્યવહારનો વધારાનો હવાલો |
| ૫ | શ્રીમતી શાહમીના હુસૈન | કલેકટર, સાબરકાંઠા હિંમતનગર | નિયામકશ્રી, ગુજરાત ર્જા વિકાસ નિગમ લિ., વડોદરા |
| ૬ | શ્રી અશ્વિનીકુમાર | મ્યુનિસિપલ કમિશનર, વડોદરા | મેનેજિંગ ડાયરેકટર, જી.યુ.ડી.સી., ગાંધીનગર |
| ૭ | શ્રીમતી સોનલ મિશ્રા | નિયામકશ્રી, રોજગાર અને તાલીમ વિભાગ, ગાંધીનગર અને મેનેજિંગ ડાયરેકટર, ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | કમિશનરશ્રી, રોજગાર અને તાલીમ વિભાગ, ગાંધીનગર અને મેનેજિંગ ડાયરેકટર, ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન |
| ૮ | શ્રી આર. સી. મીના | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ (સુપર ટાઈમ સ્કેલમાં બઢતી) |
| ૯ | શ્રી મનીષ ભારદ્વાજ | કલેકટરશ્રી, જૂનાગઢ | મ્યુનિસિપલ કમિશનરશ્રી, વડોદરા |
| ૧૦ | શ્રી પી. એચ. શાહ | કલેકટર, સુરેન્દ્રનગર | સી.ઈ.ઓ.-પુનઃવર્સન કમિશનર, સરદાર સરોવર પુર્નવસવાટ એજન્સી, વડોદરા |
| ૧૧ | શ્રી જે. એન. સિંઘ | ગુજરાત કેડરમાં પરત ફરતાં | મેનેજિંગ ડાયરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર |
| ૧૨ | શ્રી જી. આર. અલોરિયા | જોઈન્ટ મેનેજિંગ ડાયરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર | અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર |
| ૧૩ | શ્રી અરવિંદ અગ્રવાલ | ડાયરેકટર જનરલ, સ્પીપા, અમદાવાદ | અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર |
| ૧૪ | શ્રી એ. એમ. તિવારી | મેનેજિંગ ડાયરેકટર, જી. એન. એફ. સી., ભરૂચ | અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર વધારાનો હવાલો કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ |
| ૧૫ | શ્રી પૂનમચંદ પરમાર | રાહત કમિશનરશ્રી અને અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, ગાંધીનગર | અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર. વધારાનો ચાર્જ રાહત કમિશનર તરીકે |
| ૧૬ | શ્રી પંકજકુમાર | વાઈસ ચેરમેન એન્ડ સી.ઈ.ઓ. ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગર | ડા. જનરલ, સ્પીપા, અમદાવાદ અને જી.એમ.ડી.સી.ના મેનેજિંગ ડાયરેકટર તરીકે વધારાનો હવાલો |
| ૧૭ | શ્રી રાજકુમાર | અગ્ર સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગ, ગાંધીનગર | અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર |
| ૧૮ | શ્રી આર. પી. ગુપ્તા | કમિશનરશ્રી, ગ્રામ વિકાસ અને અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ -ગ્રામ વિકાસ વિભાગ | અગ્ર સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠો, ગ્રાહક બાબતો વિભાગ, ગાંધીનગર |
| ૧૯ | શ્રી મનોજ અગ્રવાલ | સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર સર્વશિક્ષા અભિયાન અને કમિશનરશ્રી, પ્રા. શિ., મધ્યાહન ભોજન યોજના | સેટલમેન્ટ કમિશનર અને ડાયરેકટરશ્રી, લેન્ડ રેકર્ડ, ગાંધીનગર |
| ૨૦ | ડૉ. જયંતિ રવિ | કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ | કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણ વિભાગ, ગાંધીનગર |
| ૨૧ | ડૉ. વી. થીરૂપુગાઝ | કમિશનરશ્રી, માહિતી ખાતું, ગાંધીનગર | કમિશનરશ્રી, ગ્રામ વિકાસ અને સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર |
| ૨૨ | શ્રી એસ. જે. હૈદર | મેનેજિંગ ડાયરેકટરશ્રી, જી. યુ. ડી. સી., ગાંધીનગર | સચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગાંધીનગર |
| ૨૩ | શ્રી ટી. નટરાજન | કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણ વિભાગ, ગાંધીનગર | કમિશનરશ્રી, ભૂસ્તર અને ખાણ વિભાગ, ગાંધીનગર |
| ૨૪ | શ્રી મુકેશકુમાર | મેનેજિંગ ડાયરેકટર, ઈન્ડેક્ષ-બી, ગાંધીનગર | સ્ટેટ પ્રોજેકટ ડીરેકટર સર્વ શિક્ષા અભિયાન અને કમિશનરશ્રી, પ્રાથમિક શિક્ષણ વિભાગ, ગાંધીનગર |
| ૨૫ | શ્રી કે. એન. ભટ્ટ | મજૂર કમિશનરશ્રી, ગાંધીનગર | કમિશનરશ્રી, જમીન સુધારણા અને સચિવશ્રી, મહેસૂલ વિભાગ, ગાંધીનગર |
| ૨૬ | શ્રી વી. વાય. વ્યાસા | કમિશનરશ્રી, ભૂસ્તર અને ખાણ વિભાગ | મેનેજિંગ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., ગાંધીનગર |
| ૨૭ | શ્રી એ. એસ. પટેલ | મ્યુનિસિપલ કમિશનરશ્રી, ભાવનગર | મજૂર કમિશનરશ્રી, ગાંધીનગર |

# જિલ્લાના ૭૪ ફાજલ શિક્ષકોનો પ્રાથમિક વિભાગમાં સમાવેશ

## ૪૯ ભાષાના, ૧૮ સા. વિજ્ઞાન તેમજ ૭ ગણિતના શિક્ષકોનો સમાવેશ

ગાંધીનગર, તા.૩૦

જિલ્લાના ફાજલ શિક્ષકોને સમાવી લેવા આજે શિક્ષણતંત્ર દ્વારા કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેના અંતે ૭૬ પૈકી ૭૪ ફાજલ શિક્ષકોને માધ્યમિકમાંથી પ્રાથમિક શિક્ષણમાં સમાવી લેવામાં આવ્યા છે.

ધો-૮નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ થયા બાદ માધ્યમિક વિભાગમાં વર્ગોની સંખ્યા ઘટતા ફાજલ શિક્ષકોની સંખ્યા પણ વધી હતી, માધ્યમિક વિભાગના ફાજલ શિક્ષકોને સમાવી લેવા અગાઉ કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો. આમ છતાં જિલ્લામાં ૭૬ માધ્યમિક શિક્ષકો ફાજલ રહેતા આ શિક્ષકોને જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓમાં સમાવી લેવા નિર્ણય લેવાયો હતો. ફાજલ શિક્ષકોને સમાવી લેવા આજે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જયારે આ કેમ્પ દરમિયાન ૭૬ ફાજલ શિક્ષકો પૈકી ૭૪ શિક્ષકોને પ્રાથમિક શિક્ષણમાં સમાવી લેવાયા છે. જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત સહિત ભાષા વિષયના ૪૯ શિક્ષકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૮ સામાન્ય વિજ્ઞાનના શિક્ષકો અને ૭ ગણિત વિષયના ફાજલ શિક્ષકોનો ભરતી દરમિયાન સમાવેશ કરી દેવાયો છે. જયારે ભરતીના અંતે પણ બાકી રહી ગયેલા બે શિક્ષકોને પણ ખાલી જગ્યા મુજબ સમાવી લેવાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

## મુખ્યપ્રધાન મોદી કર્ણાટકમાં ફરીથી આક્રમક પ્રચાર કરશે

ગુજરાત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ફરી એકવાર કર્ણાટક વિધાનસભાની ચૂંટણી પ્રચારે જશે. ૨૮ એપ્રિલના રોજ તેમણે બેંગ્લોરમાં એક જાહેરસભાને સંબોધન કર્યા બાદ હવે બીજી મેના રોજ એક જ દિવસમાં બે અલગ-અલગ સ્થળોએ જંગી જાહેરસભાને સંબોધન કરશે તેમ મુખ્યમંત્રીના નિકટ વર્તી વર્તુળોએ જણાવ્યું હતું. સુત્રોએ જણાવ્યું હતું કે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીઓ ૫મી મેના રોજ યોજનાર હોવાથી ૩ મેના રોજ જાહેર પ્રચાર પડઘમ શાંત થાય તે પહેલાં ૨ મેના રોજ મુખ્યમંત્રી મોદી કર્ણાટકના મેંગલોર અને બેલગામ ખાતે જાહેરસભાઓ સંબોધવાના છે. ૨જીએ મેંગલોરમાં સવારે ૧૦:૩૦ કલાકે અને બેલગામમાં બપોરે ૧:૩૦ કલાકે જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. મોદીની એવી ટિપ્પણી થતી હતી કે તેઓ એક જાહેરસભા સંબોધ્યા બાદ ફરીથી ચૂંટણી પ્રચારમાં કર્ણાટક નહીં જાય પરંતુ પોતાના વિરોધીઓને ખોટા પાડીને મોદીએ બીજી મેના રોજ બે જાહેરસભાઓને સંબોધન કરવાનું નક્કી કર્યું છે.

## હોમગાર્ડનું મોત...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિજ વાયર સાથે વિક્રમસિંહનો હાથ અડકી જતાં હાથે આવી ગયેલો ચોર છટકી ગયો હતો અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ જાંબાઝ હોમગાર્ડ જવાનને કરંટ લાગતા વાયર સાથે ચોંટી ગયા હતા અને ત્યાંથી ફેંકાઈ ગયા હતા. સ્થળ પર જ લોહીની ઉલ્ટીઓ શરૂ થઈ ગઈ હતી. તેટલામાં જ ચિલોડા પોલીસ ત્યાં આવી પહોંચી હતી અને લોહીની ઉલ્ટી કરી રહેલા અને તરફડીયા લગાવી રહેલા બહાદુર હોમગાર્ડ જવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે પોલીસવાનમાં જ લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તબીબે તેમને મૃત જાહેર કરતાં પોલીસ સહીત હોમગાર્ડ જવાનો અને પાલજના ગ્રામજનો તથા પરીવારજનો ઘેરા આઘાતમાં સરી પડ્યા છે. ચિલોડા પી.આઈ. એલ.બી. મોણપરાના જણાવ્યા મુજબ આ એક દુઃખદ ઘટના છે. હોમગાર્ડની હિંમત અને બહાદુરીને સલામ...! ફરાર થઈ ગયેલા ચોરને પકડી પાડવા તજવીજ શરૂ કરી દેવામાં આવી છે.

## સંધ્યા સૂરમય બનશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હાઈસ્કુલ, સેકટર-૨૩ના બોયઝ અને શ્રી જે.એમ. ચૌધરી હાઈસ્કુલ, સેકટર-૭ની ગર્લ્સ એન.સી.સી, જવાહર નવોદય વિદ્યાલય, સામેત્રી અને માઉન્ટ કાર્મેલ સ્કુલ, સેકટર-૨૧ના વિદ્યાર્થીઓનું એન.સી.સી બેન્ડ અને જે.એમ.ચૌધરી હાલસ્કુલના સ્કાઉન્ટ એન્ડ ગાઈડ પરેડ રજૂ કરશે. તેમજ ખાસ વાહનોના નિદર્શનમાં ગાંધીનગર મહિલા પોલીસ મથકનું હ્યુમન રાઈડઝ વ્હીકલ, ઓલ ટેરાઈન વ્હીકલ, રક્ષક વાહન ચેતક કમાન્ડો, ફોર્ડ ઈન્ડેવર વ્હીકલ, માર્કસમેન વાહન, ટાટા એલ.એ.ટી.સી. વાહન અને રેશ્કયુ વાહન ચેતક કમાન્ડો યુનિટનું વાહન પણ પોતાનું આકર્ષણ જમાવશે. સરકારની વિવિધ યોજનાઓની જાણકારી અને લોક જાગૃતિ કેળવે તેવા શિક્ષણ, આરોગ્ય, સંકલિત બાળ વિકાસ યોજના, ઈ-ગ્રામ, બાગાયત, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, જેડા દ્વારા સોલાર -ોજેકટ, પાણી પુરવઠા, વન વિભાગ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પશુપાલન, લીડ બેન્ક(દેના બેંક), બેન્ક ઓફ બરોડા, અન્ન અને નાગરિક પુરવઠા, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, સરદાર સરોવર નર્મદા નિગમ અને એન્ટર-ીનૌરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીયુટ ઓફ ઈન્ડિયા દ્વારા પોતાના ટેબ્લોઝ રજૂ કરવામાં આવશે.આ ઉપરાંત પી.ડી.પી.યુ, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સીટી જેવી ગુજરાતની વિવિધ નામાંકિત યુનિવર્સિટીઓ દ્વારા પણ પોતાના ટેબ્લોઝની -થમ વખત -સ્તુતિ યોજાનાર છે.

ગુજરાતનાં પરંપરાગત અને ભાતીગળ નૃત્યો જિલ્લાની વિવિધ શાળાઓના બાળકો અને સાંસ્કૃતિક મંડળો દ્વારા રજૂ કરવામાં આવશે.જેમાં મેવડો, લોકવાદ્યો, આદિવાસી નૃત્યો, -ાચીન ગરબો, ટીપ્પણી, બેડા નૃત્ય, મિશ્ર રાસ, ગરબો, સ્કેટીંગ, લેઝીમ, જમ્પ રોપ અને સિદી ધમાલ જેવા મનોહર સાંસ્કૃતિક કાર્યક્રમો આકર્ષણ જમાવશે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, તમામ કાર્યક્રમો નગરજનો નિહાળી શકે તે માટે ચ-૩થી માર્ચ પાસ્ટના પરેડ, ટેબ્લોઝ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની શરૂઆત થશે. ત્યાર બાદ આ તમામ જૂથો ટાઉન હોલ થઈ ઉદ્યોગ ભવન સર્કલ થી ગ-૪ જશે. તે ઉપરાંત આતશબાજી ઘ - ૪ સર્કલ થી ગાંધી મંદિર વચ્ચેના સેન્ટ્રલ વિસ્ટા ઝોનમાં કરવામાં આવનાર છે. આ આતશબાજી લગભગ ૧૫ મિનિટ સુધી લગાતાર ચાલુ રહેનાર છે. ઠેર ઠેર ઠંડા પીવાની પાણીની વ્યવસ્થા અને પાર્કીંગની સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ ચાર મેડીકલની ટીમો મુખ્ય સ્ટેઝ, ગેટ નંબર-૬, ટાઉન હોલ અને ઘ-૪-મહાત્મા મંદિર માર્ગ પર એમ્બ્યુલન્સ, મેડીકલ ઓફિસર અન્ય સ્ટાફ સાથે ઈમરજન્સી દવા સાથે સજ્જ રહેશે. સિનીયર સીટીઝન્સ માટે અલગથી બસોની વ્યવસ્થા ગુડા અને મહાનગર પાલિકા, ગાંધીનગર દ્વારા કરવામાં આવી છે. સમગ્ર નગરની સરકારી ઈમારતો ભાતભાતની ડિઝાઈન પાડીને રોશનીથી શણગારવામાં આવશે.

## શબ્દાવલી - ૫૦૫૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ■ | ૪ |
| | ■ | | ■ | | ■ | ૫ | |
| ૬ | | | ■ | ૭ | ૮ | | |
| | ■ | ■ | ૯ | ■ | | ■ | ■ |
| ■ | ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | |
| ૧૩ | | | ■ | ૧૪ | | ■ | ■ |
| ■ | ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | | ■ | | ■ | ૨૧ | | |

### આડી ચાવી

૧. નિર્જીવમાં સજીવપણાનો આરોપ કરવો તે (૬)
૫. સારૂં કહેવું, યશ, કીર્તિ (૨)
૬. ભાગી જનાર (૩)
૭. કાજળવાળી (આંખો) (૪)
૧૦. કામના સહિતનું (૩)
૧૨. પિસ્તોલ (૩)
૧૩. પહોર, સમયનો ભાગ (૩)
૧૪. લંબાઈવાળા (૨)
૧૫. ... બનાવવી, પ્રોગ્રામ (૩)
૧૭. ઈચ્છા, આકાંક્ષા (૩)
૨૦. અગ્નિ (૨)
૨૧. શરીર પર

### ઊભી ચાવી

૧. સારૂં નસીબ (૪)
૨. બહુ વાયડાઈ કરતું હોય તેવું (૩)
૩. ચંપલ સાથે ચાલવાથી થતો પટપટ જેવો અવાજ (૩)
૪. મોરલી, વાંસળી (૩)
૫. વૃદ્ધાવસ્થા (૨)
૮. ચારેકોર વરસાદથી પાણી ભરાઈ ગયું હોય તેવું (૬)
૯. સજ્જડ, .... થઈ જવું (૨)
૧૦. મદદ, સહકાર (૪)
૧૧. મરણ પછીની વિધિ (૩)
૧૬. આબરૂ પ્રતિષ્ઠાનું પ્રતિક શરીરનો એક ભાગ (૨)
૧૮. શરીર પર થતો કાળો મોટો તલ (૨)
૧૯. ખાળ, મોળી (૨)

### શબ્દાવલી ૫૦૫૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) સગપણ (૩) આરતી (૫) ચારસો (૬) ચોગાન (૮) ઈજા (૧૧) યકીન (૧૩) અચાનક (૧૫) વખત (૧૭) ત્યારથી (૧૮) સતાવરી (૧૯) ઈગલ (૨૦) રદિયો (૨૧) શોધ

**ઊભી ચાવી :-** (૧) સજની (૨) પરચો (૩) આર (૪) રસોઈ (૫) ચાનકી (૭) ગાયક (૯) જાવંતરી (૧૦૦ વિચાર (૧૨) નવતાલ (૧૩) અત્યાચાર (૧૪) નથી (૧૬) ખવ (૧૮) સગડી


## સ્થાનિક ભાવોની જાહેર નિવિદા સને ૨૦૧૩-૧૪

કાર્યપાલક ઈજનેરશ્રી, વાત્રક યોજના નહેર વિભાગ, પ્રાંત કચેરી પાસે, મોડાસા, જી.સા.કાં. પીન-૩૮૩૩૧૫ (ફોન: ૦૨૭૭૪-૨૪૩૨૨૧)ની કચેરી દ્વારા મોડાસા અને બાયડ ખાતે ફક્ત ઝેરોક્ષ મશીન ધરાવતા ઈસમો પાસેથી રજી.પો.એ.ડી. દ્વારા સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. નીચે દર્શાવેલ કામોના કોરા ભાવપત્રકો કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) તા. ૬-૫-૨૦૧૩ સુધી જરૂરી ફી લઈ આપવામાં આવશે અને ભરેલ ભાવપત્રકો તા. ૧૫-૫-૨૦૧૩ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં પરત સ્વીકારવામાં આવશે. વધુ વિગતો માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો.

| અ. નં. | કામનું નામ | અંદાજીત રકમ રૂ. | બાનાની રકમ રૂ. | ટેન્ડર ફી રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ઝેરોક્ષ કામ (મોડાસા ખાતેની વિભાગીય કચેરી તથા પેટા વિભાગીય કચેરીનું) | ૬૦,૦૦૦ | ૧,૦૦૦ | ૩૦૦/- |
| ૨. | ઝેરોક્ષ કામ (બાયડ ખાતેની ચાર પેટા વિભાગીય કચેરીનું | ૫૦,૦૦૦ | ૧,૦૦૦ | ૩૦૦/- |

ક્રમાંક ના.માનિ./હિંમત/૪૯/૨૦૧૩

## જાહેર નિવિદા

માહિતી કમિશનરશ્રીની કચેરીના ઉપયોગ સારુ માંગ્યા મુજબ ગાંધીનગર અમદાવાદથી પ્રસિદ્ધ થતાં વર્તમાનપત્રોમાંથી વિવિધ વિષયોને લગતાં અખબારી અહેવાલોના મુળ કટીંગ - પેસ્ટીંગ કરી પહોંચતા કરવાના ભાવ મંગાવવામાં આવે છે. આ અંગેનું ટેન્ડર જાહેરાત પ્રસિદ્ધ થયા તા. ૧-૫-૨૦૧૩થી તા. ૨૨-૫-૨૦૧૩ સુધી કામકાજના દિવસો દરમિયાન સમય : ૧૧-૩૦થી ૧૩-૩૦ દરમિયાન માત્ર રૂબરૂમાં રૂ. ૫૦૦/- રોકડા ભરીને માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં.૭, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીએથી મળી રહેશે. ભરેલા ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૨૨-૫-૨૦૧૩ સમય : ૧૩-૩૦ રહેશે.

માહિતી/૧૯૪/૨૦૧૩-૨૦૧૪ — માહિતી કમિશનર

## જાહેરાત

**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર**

બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન,
સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. (૦૭૯) ૨૩૨૫૬૪૮૬, ૮૮, ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૬૪૮૬
વેબસાઈટ : www.sje.gujarat.gov.in/gtkvn

આ નિગામના લોક બાકીદારો પાસેથી લોન રકમની તેના વ્યાજ સહિત વસુલાતની કામગીરી માટે કોર્ટ રાહે પગલાં લેવા નામદાર જીલ્લા ગાંધીનગર કોર્ટમાં પ્રેકટીસ કરતા અને ગાંધીનગર ખાતે રહેતા હોય તેવા સ્થાનિક વકીલશ્રીઓ પાસેથી કેસદીઠ કરવાની થતી કામગીરીના ભાવ મંગાવવામાં આવે છે. આ અંગેનું ફોર્મ તથા શરતો અને બોલીઓ નિગમની કચેરીએથી મળી રહેશે. આ પ્રકારના કેસો માટેની ફીની વિગતો દર્શાવી વિગતવાર દરખાસ્ત સીલબંધ કવરમાં તા. ૧૦-૫-૨૦૧૩ સુધીમાં નિગમની કચેરીના સરનામે મોકલી આપવાની રહેશે. આવેલ દરખાસ્તો મંજૂર / નામંજુર કરવાનો અબાધિત અધિકાર નિગમનો રહેશે.

માહિતી/૨૦૧/૧૩-૧૪

## ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)

નિયામકશ્રીની કચેરી, પહેલો માળ, પ્લોટ નં. ૨૭૨-૨૭૩,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની પાછળ,
ઘ-૪ા, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬
ટલા : ૦૭૯-૨૩૨૪૦૯૬૪, ટેલી ફેક્સ : ૨૩૨૪૦૯૬૫
વેબસાઈટ : info@gemi-india.org
ઈમેલ : www.gemi-india.org

**૧૧ માસના કરાર ઉપર નીચે મુજબની જગ્યાઓ માટે અરજીઓ આમંત્રિત કરે છે.**

જગ્યાનું નામ / ફિક્સ પગાર તેમજ કુલ જગ્યાઓ
(૧) **પર્યાવરણ ઈજનેર** (ઓડિટ સ્કીમ) (રૂ. ૧૦,૦૦૦/- ફિક્સ) - ૨
(૨) **કેમિકલ ઈજનેર** (ઓડિટ સ્કીમ) (રૂ. ૧૦,૦૦૦/- ફિક્સ) - ૧
(૩) **સિનિયર સાયન્ટિસ્ટ** (રૂ. ૧૦,૦૦૦/- ફિક્સ) - ૨
(૪) **કલાર્ક કમ સ્ટોર ઈન્ચાર્જ** (રૂ. ૬,૦૦૦/- ફિક્સ) - ૨

વધારે શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારને વધારે પગાર મળવાપાત્ર રહેશે. વધુ માહિતી દા.ત. શૈક્ષણિક લાયકાત વિગેરે માટે અમારી ઉપર જણાવેલ વેબસાઈટ અથવા અમારા ઉપર જણાવેલ નંબર અથવા શ્રી આર. એચ. કનાડીયા, મો. નં. ૭૬૯૮૭૬૯૯૭૧નો સંપર્ક કરવો.

ઈચ્છીત વ્યક્તિઓ કે જે જરૂરી શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોય તેઓ મોડામાં મોડી તા. ૧૦-૫-૨૦૧૩ (શુક્રવાર) સુધીમાં અત્રેની કચેરીના ઉપરના સરનામે અરજી મોકલી શકે છે. અરજીના કવર ઉપર જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

સહી/-
**(ડો. સંજીવ ત્યાગી)**
**નિયામક - ગેમી, ગાંધીનગર**